# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

રાખે નજર વિષ્ટા પર ઉંચે ઉડ્યા પછી પણ,
સંકુચિત રાખે સ્વભાવ ઉંચે ચઢ્યા પછી પણ,
સોને મઢયા પછી પણ છૂટે ન મોહ કોડીનો -
કરી ન શકે બાંધછોડ ઉંચે ચગ્યા પછી પણ..
(અંબાણી બંધુઓના અબોલા)

હાઈકુ

ઝૂંટવ્યું ઝાડુ
ને ગાંધી પર પંજો -
વિરોધ સાફ!

અંબાણી હોય,
કે ઠાકરે બંધુઓ -
સ્વાર્થની ગાંઠ

## ચિંતન

**અર્થ કામેષ્વ સક્તાનામ્ ધર્મજ્ઞાનં વિધીયતે । ધર્મ જિજ્ઞાસમાનાનાં પ્રમાણં પરમં શ્રુતિઃ ॥**

‘જેમણે ધન-ઇંદ્રિયોના વિષયોના આસક્તિ રાખી નથી તેવા લોકોને જ ધર્મનું જ્ઞાન થાય છે - અને એને આરાધી શકે છે. આવા લોકો જે સાચા મુમુક્ષુ છે તેમને જ ધર્મનું જ્ઞાન થાય છે અને એ દ્વારા જ વેદ જ્ઞાનનું પ્રમાણરૂપ - જ્ઞાન થતાં ધર્મજ્ઞાનની જિજ્ઞાસા પણ સંતોષાશે.’

ધન-સંપત્તિ, સુખ-ઉપભોગ, ઇન્દ્રિય-આસક્તિ જેવી ઇચ્છાઓ-વાસનાઓ રાખવાથી મન સતત તાણમાં રહે છે અને શાંતિ પ્રાપ્ત કરી શકતું નથી પરંતુ બધી બાબતનો સંયમ કેળવવાથી જ મનનો ઉદ્વેગ શાંત થાય છે અને ધર્મ-ધ્યાન-વાચન-ચિંતન-મનનમાં ચિત્ત ચોંટે છે. પછી જ સંસારના કર્તવ્યો અને સાચો જીવનધર્મ સમજાય છે.

જીવન ધર્મ એ જ સાચો ધર્મ છે અને એનું પાલન જ જીવનને મુખ્ય અને સાચા હેતુ તરફ લઇ જાય છે.

આસક્તિઓથી મુક્તિથી મન સ્થિર થાય અને સત્યધર્મનું જ્ઞાન થાય છે.

## સુવિચાર

- તમારું ભવિષ્ય તમારી પસંદગી પરથી નક્કી થાય છે, આવી પડતી તક પરથી કદી નહીં **- એસ. ભટ્ટાચાર્ય**
- જીવાતા હોય તેવા ઉપદેશો સૌથી સારા હોય છે, શીખવાડાતા હોય તેવા નહીં **- મુનિ ચંદ્રશેખરજી**
- નિખાલસ હાસ્ય એ તત્ક્ષણ મળી શકે તેવું વેકેશન છે **- ભીખુદાન**
- ખતમ ન થઇ જાય એવી મીણબત્તીની જેમ પ્રજ્જવલીત બનેલા રહો **- ઝેન કથન**
- કોઇ બાહ્ય રીતે રૂક્ષ તથા કડાપ ધરાવતા ચહેરાની પાછળ કદરદાની અને પ્રેમ માટેનો ઝુરાપો હોઇ શકે **- સંત પોલ**
- સુખ તમને મિઠાશથી ભરેલો રાખે છે, સમસ્યાઓ તમને મજબૂત બનાવે છે, દુઃખ તમને માનવતા ભરેલા રાખે છે, નિષ્ફળતા તમને નમ્ર બનાવે છે, સફળતા તમને ઝળહળતા બનાવે છે પણ વિશ્વાસ અને અભિગમ તમને ચાલતાં રાખે છે- **માનસસૂત્ર**
- ચીલાચાલુ શિક્ષણ તમને રોજીરોટી કમાવી આપશે, પણ જાતનું શિક્ષણ ખજાનો આપશે **- ઓશો**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

મહાભારતના યુદ્ધમાં ભીષ્મના મૃત્યુ પછી ૧૧માં દિવસે યુદ્ધમાં જોડાયો. ભાર્ગવાસ્ત્રનો ઉપયોગ કરી, પાંડવ સેનાને છિન્નભિન્ન કરી નાખી યુધિષ્ઠિર ઘવાયા. અર્જુન પર હતાશ છે. રાત્રે કૃષ્ણ અને અર્જૂન ઘવાયેલા યુદ્ધિષ્ઠિરની તબિયત જોવા ગયા. કર્ણ હજી અર્જુનથી મરાયો નથી એવું સાંભળી ધર્મરાજ ગુસ્સે થઇ ગયા અને ક્રોધમાં બોલી ઉઠ્યા આના કરતાં તો તારું ‘ગાંડીવ’ બીજો કોઇને આપી દે!

અર્જુને તરત ખડગ ખેંચ્યુ - એની પ્રતિજ્ઞા હતી કે એને કોઇ ગાંડીવ બીજાને સોંપી દે એવા અપમાન જનક શબ્દો કહે તેનો વધ કરવો. એ પણ ક્રોધમાં મોટાભાઇ માટે અપમાનિત શબ્દો બોલ્યો. કૃષ્ણએ એને વિવેક રાખવા સમજાવ્યો. અર્જુનને દ્વિધા થઇ. મારી પ્રતિજ્ઞા રાખવા મારે મોટાભાઇનો વધ કરવો જ પડે!

કૃષ્ણ કહે તેં મોટાભાઇનું શબ્દોથી અપમાન કર્યું - એ એનો વધ જ કહેવાય.. અર્જુન કહે હવે મેં મારા વડીલ સમાન મોટા ભાઇનું અપમાન કર્યું છે એટલે મારે આત્મહત્યા કરવી છે અને એને માટે હું મક્કમ છું.

કૃષ્ણની પાસે ધર્મ પણ સચવાય અને વ્યવહારુ રસ્તા નિકળે એવા અનેક ઉપાય હાજર હોય છે; કૃષ્ણ કહે અર્જુન ‘આત્મહત્યા’ નો તારો નિર્ણય યોગ્ય જ છે પણ અત્યારે સમય અનુકૂળ નથી માટે તું તારા મોટાભાઇ પાસે તારા બળશક્તિ-પરાક્રમોની ‘આત્મશ્લાઘા’ કર, (પોતાના મુખે પોતાના વખાણ) એ આત્મહત્યા જ કહેવાય.

બંને ભાઇઓ સૂલેહ થઇ રડયા અને ભેટ્યા.

Email - sureshchandrabhatt18@gmail.com


# એક સ્વમાની અને સ્વદેશાભિમાની વાર્તાકારનું જીવનચરિત્ર

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

જીવન ચરિત્ર સર્જન છે. ઇતિહાસ નથી. જો કે જીવન ચરિત્રમાં પણ ઇતિહાસનો ઉપયોગ થાય છે. જીવન ચરિત્ર માટે તથ્યો અને ઘટનાઓને એકત્રિત કરવું તે પુરતું નથી. એને તપાસવું ચકાસવું પણ જરૂરી છે. એ તો એક કાચો માલ છે. કાચું લોખંડ છે. જેને સર્જનની ભઠ્ઠીમાં તપાવી તપાવીને ઓગાળવું પડે છે. અનેક સ્વરૂપે, અનેક રંગોમાં વિભિન્ન સ્ત્રોતો દ્વારા એની ચકાસણી એની શોધખોળ થતી રહેવી જોઇએ. આ પાયા પર જ જીવન ચરિત્ર રૂપી રચનાની ઈમારત ઉભી થાય છે. મોટા ભાગે તો લેખક પર આધાર રાખે છે કે એ આ કાચા માલને એટલે કે તથ્યો અને ઘટનાઓની અંદર ઊંડા ઊતરીને એને કંઇ રીતે જુએ છે. અને તેમાંથી ચરિત્રના સુઘડ-સ્વચ્છ જ નહિ ફાટેલાં તૂટેલાં, ગંદા ગોબરાં પૃષ્ઠોને પણ એ કંઇ રીતે રજૂ કરે છે. એમ કરતી વખતે એ તે-તે સમયના જ નહિ, પોતાના સમયનાં પણ તથ્યો અને ઘટનાઓની વ્યાખ્યા - પુર્નવ્યાખ્યા કરતો રહે છે. આ જ એ મુકામ છે જયાં લેખકીય ઉર્જા તથા ઘટનાઓને સર્જનાત્મક રૂપોમાં ઢાળે છે અને તેમાંથી એક જીવતી જાગતી રચના, એક કૃતિ ઘાટ પામે છે.

આજે મારે તમને એવી જ એક કૃતિની વાત કરવી છે, સઆદત હસન મન્ટો માત્ર ઉર્દૂ ભાષાના જ નહિ પરંતુ ભારતીય ભાષાઓના સન્માનીય વાર્તાકાર ગણાય છે. સ્વામાની અને સ્વેદેશાભિમાની મન્ટોનું આ જીવન ચરિત્ર છે. તેમાં મન્ટોના જીવનના વિવિધ પાસાઓ વિશે, જે પાંચ વાર્તાઓ માટે તેમના પર અદાલતી કાર્યવાહી થયેલી તેની વિષે અને તેમની સાહિત્યિક ગતિવિધિઓ વિશે રોમાંચક માહિતી મળે છે.




‘મન્ટો જીવે છે’ પુસ્તકમાંથી પસાર થતાં તેના કુલ સત્તર પ્રકરણોમાં મન્ટોના જન્મથી વિદાય સુધીની જીવનયાત્રા, એમનો કારમો સંઘર્ષ, એમનો સમાજ જગત અને ખુદા સામેનો વિદ્રોહ વિગેરે આપણે અનુભવી શકીએ છીએ. તેમની હયાતી દરમિયાન તે વંચાતા હતા તેના કરતાં આજે વધુ વંચાય છે. મન્ટો પોતાના વાંચકોને ખુબ જ વિશ્વાસપૂર્વક એવી જગ્યાએ લઇ ગયા જયાં એકદમ અંધકાર છે. અંદર પણ અને બહાર પણ, મન્ટોની વાર્તાઓમાં કંડાયારેયી એ દિવસોની દુર્ઘટનાઓ, તેમાં ગૂંથાયેલી સ્મૃતિઓ તેમના જીવનની અને ઇતિહાસની નવી રજૂઆતને, નવા દૃષ્ટિકોણને શક્ય બનાવે છે.

જીવન ચરિત્ર અને સર્જનાત્મક કૃતિ છે. કલા માધ્યમ છે. તેમાં વૃતાંતોનું મહત્ત્વ તો છે. પણ તે માત્ર વૃત્તાંત ન હોઇ શખે. જીવન ચરિત્રમાં આંતરક્રિયાનું ખૂબ જ મહત્ત્વ છે. જેમાં તથ્ય અને ઘટનાઓ સ્પંદિત થાય છે. લેખકે એ આંતરક્રિયાને પકડી રાખીને સપાટીની નીચે જોવાનો પ્રયત્ન કર્યો છે. મન્ટોના અટપટા સંકટો અને પડકારોથી ભરેલા જીવનની તડકી છાંયડીમાં એક અંતર્નિહિત લય છે જેનો લેખકે અનુભવ કર્યો છે.

મન્ટોનો જન્મ તા. ૧૧-૫-૧૯૧૨માં સમરાલા જિ. લુધિયાણામાં થયો હતો. કુટુંબ અમૃતસરમાં સ્થાયી થયું હતું. ૧૯૧૯માં જલિયાવાલા બાગનો હત્યાકાંડ થયો ત્યારે તેમની ઉંમર સાત વર્ષની હતી. પણ એ ગોઝાર રક્તરંજિત હત્યાકાંડે એમના બાળમાનને અંદરતી હલબલાવી નાખ્યું હતું. પરિણામે એમના ૧૯૩૫માં એમણે જે પ્રથમ વાર્તા લખી ‘તમાશા’ તે જલિયાંવાલા બાગના અનુસંધાનમાં હતી. જેમાં મન્ટોના મનનો, તેમની માનસિકતાનો થોડો અણસાર મળે છે. ૧૯૩૬માં એમનો પ્રથમ વાર્તાસંગ્રહ બહાર પડ્યો. ‘આતિશપારે’ તે પછી ૨૫૦ જેટલી વાર્તાઓ, ૧૦૦ ઉપરાંત નાટકો, ૭૦ ઉપરાંત લેખો નિબંધો એન ૧૯-૨૦ રેખાચિત્રો તેમજ એક નવલકથા પણ લખી છે ‘શિર્ષક વિનાની’ એમને રશિયન અને ફ્રેન્ચ ભાષાઓની વાર્તાઓના વિશેષાંકો પણ બહાર પાડેલા. ઘણી બધી ફિલ્મોની પટકથાઓ પણ લખેલી તેમાં ‘મિર્ઝા ગાલિબ’ અતિ લોકપ્રિયત ફિલ્મ હતી. ‘આઠ દિન’ ફિલ્મમાં તેમણે પાગલનો રોલ પણ ભજવ્યો હતો. એમણે માત્ર ૨૦ વર્ષની સાહિત્યિક યાત્રામાં ઘણું વિપુલ અને સત્ત્વ સમૃદ્ધસર્જન કરેલું, ખાસ કરીને વાર્તાક્ષેત્રે એમનું ઘણું મોટું પ્રદાન છે, ‘નયા કાનૂન,’ ‘હતક’, ‘કાલી સલવાર’, બાબુ ગોપીનાથ, ‘સ્વરાજ કે લિયે’, ‘ઠંડા ગોસ્ત’, ‘ગોલ દો’ અને ‘ટોબા ટેકસિંહ’ જેવી બેનમૂન વાર્તાઓ તેમણે આપી છે. તેમની બે વાર્તા ‘ખોલ દો’ અને ‘ટોબા ટેકસિંહ’ વિશ્વવાર્તા સાહિત્યમાં સ્થાન પામે તે કક્ષાની છે. તેમની પાંચ વાર્તાઓ પર અશ્લીલતાના આરોપસર કેસર થયેલા છે. એ રીતે ઉર્દૂ સાહિત્યમાં મન્ટો વધુમાં વધુ વિવાદાસ્પદ અને બદનામ લેખક હતા.

મન્ટો મૂળ કાશ્મીરના તેમના વડવાઓ વર્ષો પહેલાં અફઘાન રાજાઓના અત્યાચારથી ત્રાસીને કાશ્મીરથી પંજાબ લાહોર ખાતે આવ્યા હતા. થોડો વખત ત્યાં રહ્યા પછી તેઓ અમૃતસર આવી ગયા. એમના વડવાઓ કાશ્મીરી પંડિતો હતા. કાશ્મીરના કારીગરો પાસેથી કર ઉઘરાવવાનું કામ કરતા. કિસ્તબાસી બ્રાહ્મણોમાંથી જે લોકોએ ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો તે મન્ટો કહેવાયા. અને જેઓ હિંદુ રહ્યા તે મનવટી તરીકે કહેવાયા. આ બંને જાતિઓ આજે પણ શ્રીનગર અને કાશ્મીર ખીણમાં મૌજૂદ છે. એ રીતે મન્ટો મૂળ કાશ્મીરી.

મન્ટોના દાંપત્યજીવનની વાતો પણ આ જીવન ચરિત્રમાં પહેલીવાર જોવા મળે છે. એમના પત્ની સફિયા એક ગૃહિણી તરીકે કેવા હતાં તે જાણી શકાય છે. મન્ટો જેવા એક સંવેદનશીલ છતાં મનમોજી, તુંડમિજાજી, દારૂડિયા પતિને સાચવવા, તેમાં સતત આર્થિક તંગી વચ્ચે સ્વસ્થતાથી ઘર ચલાવવું, બધા વ્યવહારો સાચવવા તેમાં ગૃહિણીની ખરી કસોટી થાય છે. મન્ટોના અંગત જીવનને સ્પર્શતી, ઉજાગર કરતી કેટલીક વાતો આ જીવન ચરિત્રમાં વાંચી મન્ટો વિષે આદર વધી જાય છે.

મન્ટો એ પોતે જ એક જગ્યાએ લખ્યું છે ‘એમ પણ બની શકે સઆદત હસન મરી જાય અને મન્ટો જીવિત રહે’ એ વાત એટલી બધી સાચી સાબિત થઇ કે સઆદત હસન ૧૮ જાન્યુઆરી ૧૯૫૫ના દિવસે દેવ થયા. પણ મન્ટો આજે ૨૧મી સદીમાં પણ જીવે છે.

‘મન્ટો જીવે છે’ ના લેખક નરેન્દ્ર મોહન ૭૭ વર્ષીય વરિષ્ઠ સાહિત્યકાર છે. તેમનાં પુસ્તકોમાં ૯ કાવ્યસંગ્રહો, ૩ સ્મરણ સંગ્રહો અને ૧૧ વિવેચનના પુસ્તકો સહિતય કુલ ૩૩ પુસ્તકો પ્રગટ થયેલા છે. લેખક હિંદીના જાણિતા કવિ, નાટ્યકાર અને વિવેચક છે. ‘મન્ટો જિંદા હૈ’ પુસ્તક પ્રગટ થતાં જ તેના મરાઠી, પંજાબી અને અંગ્રેજી અનુવાદો બાદ ગુજરાતીમાં અનુવાદ આપણને મોહન દાંડીકર દ્વારા પ્રાપ્ત થયો છે. જે માટે ગૂર્જર રત્નગ્રંથ કાર્યાલય ધન્યવાદને પાત્ર છે.

**‘મન્ટો જીવે છે’ (ઉર્દૂ સાહિત્યકારનું જીવનચરિત્ર)**
**લેખક - નરેન્દ્ર મોહન, અનુવાદ - મોહન દાંડીકર**
**પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા પાસે**
**ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧**
**પૃષ્ઠ-૧૬૪, કિંમત - રૂા. ૧૬૦/-**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪**

# મને એવું કયારેય નથી લાગ્યું કે હું જે ઉદ્દેશ્ય લઈને નીકળ્યો છું, તેની પૂર્તિ કરવાની પૂરી જવાબદારી મારા ઉપર જ છે, આની પૂરી જવાબદારી આપણા બધાં ઉપર છે, આ ભગવાનનું કામ છે, મને દઢ વિશ્વાસ છે કે આ થઈને જ રહેશે

## રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

(ગતાંકથી આગળ....)

મારું માનસિક વલણ મહાવીરની પદ્ધતિ તરફ વધારે છે. પરંતુ મારું જે કામ ચાલ્યું, એ બુદ્ધ ભગવાનની ઢબે ચાલ્યું. આમ તો બંનેમાં કોઈ વિરોધ નથી. મહાવીરની રીત એ હતી કે કોઈ પ્રશ્ન હાથમાં લેવો છે, કોઈ વિચાર ફેલાવવો છે, એવી એમની દૃષ્ટિ નહોતી. એ જ્યાં જતા, વ્યક્તિઓ સાથે વાત કરતા, સામેવાળાનો વિચાર સમજી લેતા અને તેને જીવનમાં સમાધાન થાય એવો રસ્તો બતાવતા, જેની જે ગ્રંથ ઉપર શ્રદ્ધા હોય, એ ગ્રંથને આધારે સમજાવતા અને વળી કોઈની કોઈ પણ ગ્રંથ પર શ્રદ્ધા ન હોય તો ગ્રંથનો આધાર લીધા વગર જ સમજાવતા. આ રીતે અહિંસાનો મૂળભૂત વિચાર મધ્યસ્થ દૃષ્ટિ રાખીને સમજાવતા. બુદ્ધ ભગવાને અહિંસાનો વિચાર પ્રસારિત કરવા માટે સામાજિક સમસ્યાઓ હાથમાં લીધી.

કોઈ આલંબન લેવું કે ન લેવું એ જુદી વાત છે, પરંતુ એ આલંબનનો અર્થ સ્થૂળ થઈ જાય અને જે સૂક્ષ્મ વસ્તુના પ્રકાશ માટે એ હોય, તે જ ગૌણ થઈ જાય, આલંબન જ ચડી બેસે, જે વિચાર માટે એ લેવાયું છે એ વિચાર જ ઢંકાઈ જાય, તો ખતરો પેદા થઈ જાય છે. આલંબન ન લેવાથી વિચાર વિખરાઈ જાય છે. સદ્ભાવના અવ્યક્ત રૂપે પ્રસરે છે, પરંતુ વિચાર અવ્યક્ત રૂપમાં ઘનાકાર નથી થતો- સાધારણ લોકોને એનું આકર્ષણ નથી રહેતું. આમ આલંબન લેવામાં એક ખતરો છે અને આલંબન ન લેવામાં બીજો ખતરો છે. આલંબન લેવામાં એક ગુણ છે અને આલંબન ન લેવામાં બીજો ગુણ છે.

મેં ભૂમિ-સમસ્યાનું આલંબન જરૂર લીધું, પરંતુ સામ્યયોગનો, કરુણાનો વિચાર સમજાવવો એ જ મારી મૂળભૂત દૃષ્ટિ છે. આલંબન લેવામાં મેં બુદ્ધિનું પરિપાલન કર્યું, પણ મારું મન સતત આલંબનથી પર થઈ વિચારે છે અને વારેવારે થયા કરે છે કે હું મારા મૂળ સ્વરૂપમાં રહું. આમ છતાં આલંબન છોડતો નથી. આ રીતે મારી રીતમાં બંને રીતોનો સમન્વય છે.

મારો એક ગુણ છે, જેને દોષ પણ ગણી શકાય કે કોઈવ્યક્તિને આગ્રહથી કોઈ આદેશ નથી આપતો. તેનાથી કામમાં ક્યારેક મોડું થાય છે. પણ થાય છે ત્યારે બરાબર થાય છે, બગડતું નથી. એટલું જ નહીં, હું જે કંઈ કહું છું તેનું દબાણ પણ કોઈ ઉપર આવે તેમ નથી ઈચ્છતો. મારી પાસે અનેક શ્રેષ્ઠ વિચાર છે. પરંતુ તેમાં સૌથી શ્રેષ્ઠ વિચાર એ જ છે કે મારા વિચારનું કોઈના પર આક્રમણ ન થાઓ. એટલે વિચાર પસંદ ન પડે છતાં કોઈ માની લે છે, તો મને દુઃખ જ થશે. પણ વિચાર પસંદ પડી ગયા છતાં જો કોઈ તેને આચરણમાં નથી ઉતારતો હું આશા રાખું છુંકે આજ નહીં તો કાલે અવશ્ય ઉતારશે.

મારા પર પરમેશ્વરની મોટી કૃપા છે કે ગેરસમજને કારણે લોકો તરફથી થોપવામાં આવેલા આક્ષેપો વગેરેની કોઈ અસર મારા ચિત્ત પર નથી થતી. ઈશ્વર જેમ નચાવે તેમ નાચું છું. કામ મારું નથી, તેનું છે. એ મને ઘુમાવી રહ્યો છે, તેથી ઘૂમી રહ્યો છું. હું આથી વધારે પ્રકારની ચિંતા નથી કરતો. પ્રકાશના પ્રચારની જેમ જ વિચારનો પ્રચાર આકાશમાંથી થાય છે. એમ બને કે પ્રકાશ પ્રચારને ભલે આસમાન રોકી પાડે, પરંતુ વિચારના પ્રચારને એ પણ રોકી ન શકે. તેથી વિચાર ઉપર મારી શ્રદ્ધા છે, અને હું નિર્ભય થઈને કામ કરું છું.

મને એવું ક્યારેય નથી લાગ્યું કે હું જે ઉદ્દેશ્ય લઈને નીકળ્યો છું, તેની પૂર્તિ કરવાની પૂરી જવાબદારી મારા ઉપર જ છે. આની પૂરી જવાબદારી આપણા બધાં ઉપર છે. આ ભગવાનનું કામ છે. મને દૃઢ વિશ્વાસ છે કે આ થઈને જ રહેશે. સત્યનો વિરોધ કોઈ ન કરી શકે. સત્ય ગ્રહણ કરવામાં સમય લાગી શકે છે, પણ સત્યને ટાળી નથી શકાતું. સત્યનો વિરોધ કરનારી શક્તિ સંસારમાં ટકી નથી શકતી. તેથી હું નિઃસંશય અને નિર્ભય થઈને મારા વિચારો જનતા સામે રજૂ કરું છું. અને રાત્રે ભગવાનના ખોળામાં નિઃસ્વપ્ન નિદ્રા લીધા કરું છું. પુનર્જન્મની જેમ બીજો દિવસ ઊગે છે અને હું મારા કામમાં લાગી જાઉં છું.

જીવનમાં કરવા લાયક જે કંઈ પણ સૂઝતું ગયું, તેમાં સૌથી વધારે મદદ શાસ્ત્ર ગ્રંથોને બાદ કરીએ તો, શંકર, જ્ઞાનદેવ અને ગાંધી- આ ત્રણ પાસેથી મને મળી. ગાંધીજીના વિચારો અને ગ્રંથોનું અધ્યયન તો થયું જ, તે ઉપરાંત તેમની સંગતિ પણ મળી. અને એમણે જે સેવાકાર્યો ઊભાં કર્યા હતાં, તેમાંનાં કેટલાંક સેવાકાર્ય કરવામાં મેં મારી જુવાનીનું જીવન વિતાવ્યું. સંગતિ, વિચારોનો લાભ અને તે મુજબનાં કામ કરવાનો અવસર, ત્રણેય મળીને મહાપુરુષસંશ્રય થાય છે, એ મને મળ્યું. એમનો મારા ઉપર મોટો ઉપકાર છે. તેવી જ રીતે શંકરાચાર્યનો પણ મારા ઉપર મોટો ઉપકાર છે, કારણ કે તાર્કિક મનમાં જે જે દાર્શનિક શંકા ઊઠી શકે છે, એ મારા મનમાં પણ ઊઠી શકતી હતી, તેનું નિરસન કરવામાં શંકરાચાર્યની સૌથી વધારે મદદ મળી. એમનું વિચાર-ઋણ સર્વથા મારા શિર પર છે. જ્ઞાનદેવ મહારાજનો મારા ઉપર જે ઉપકાર છે, તેનું વર્ણન કરવા માટે મારી પાસે શબ્દ નથી. એ ચિંતન ઉપર છે, હૃદય ઉપર છે અને મારી કાર્યપદ્ધતિ ઉપર છે. એટલું જ નહીં, પણ હું મારું છું કે એ મારા શરીર ઉપર પણ છે. એટલો એમનો પ્રભાવ મારા પર બધી બાજુથી છે. હું મૂળમાં તો ખૂબ કઠોર છું. હું એક ખરબચડો પથ્થર છું. આ પથ્થરને શંકરાચાર્યે મજબૂત પાકો કર્યો. એ પાષાણ પર ગાંધીજીએ કોતરણી કરી તેને આખાર આપ્યો. પરંતુ આ પાષાણને તોડીને તેમાંથી પાણી કાઢવાનું પરાક્રમ કોઈએ ભરી દીધું હોય તો તે જ્ઞાનદેવ મહારાજે જ!

હું જ્યારે મારે વિશે વિચારું છું કે હું કોણ છું અને મારું ભાગ્ય શું છે, તો કેટલાંક સ્થૂળ ભાગ્ય પણ સ્મરણે આવી ચડે છે અને તેનો બહુ મોટો ઢગલો થઈ જાય છે. મને જે માતા-પિતા મળ્યાં, એ કંઈક વિશેષ જ હતાં, એમ લોકો માને છે. મને જે ભાઈ મળ્યા, એમની પોતાની પણ વિશેષતા છે તેમ માની શકાય. મને જે માર્ગદર્શન મળ્યા, એ તો નિઃસંશય લોકદૃષ્ટિમાં મહાત્મા જ ગણાય. મને જે સ્નેહી મિત્ર મળ્યા, એ બધા લોકોના પ્રેમપાત્ર બની ગયા. મને જે વિદ્યાર્થી મળ્યા એના ઉપર તો હું પોતે જ મુગ્ધ છું. આમ આ આખો ભાગ્યનો ઢગલો થઈ જાય છે. વળી, મને અનેક ભાષાઓનું જ્ઞાન હોવાને કારણે અનેક સંતપુરુષો અને ધર્મપુરુષોનો વિચારરસ સેવન કરવાનો અવસર પણ નિરંતર મળ્યો અને મળતો જ રહ્યો. આ પણ એક મોટું ભાગ્ય જ છે. આમ એક રીતે આ ભાગ્યરાશિ બની જાય છે. પરંતુ આ તમામ કાલ્પનિક જ છે. મુખ્ય ભાગ્ય એ જ છે, જે મારું છે. તમારું છે અને સૌનું છે કે આપણે સૌ પરમેશ્વરનાં અંગ, ભાગ, અવયવ, તરંગ છીએ. મુખ્ય ભાગ તો આ જ છે કે આપણે પરમેશ્વરની અંદર સમાયેલાં છીએ, આ જો આપણે અનુભવીએ, તો આપણો બેડો પાર છે!

## વિનોબાની વાતો

**એક વાર રામકૃષ્ણ પરમહંસને વિદ્યા મેળવવાની ઈચ્છા જાગી. એ ભણેલા નહોતા. એટલે વિદ્યાની વાસના જાગી. એ રહ્યા દેવીના ભક્ત. રાતે દેવી સપનામાં આવ્યાં અને કહે : ‘માંગ, માંગ, માંગે તે આપું.’ ‘રામકૃષ્ણ કહે : ‘વિદ્યા જોઈએ’ દેવીએ ખૂણામાં પડેલા કચરાનો ઢગલો બતાવ્યો ને કહ્યું : ‘આમાંથી જોઈએ એટલી લઈ લે!’ રામકૃષ્ણ સમજી ગયા. એમણે બે હાથ જોડીને પ્રણામ કર્યા અને કહ્યું : ‘મારે આવી વિદ્યા ન ખપે.’**

**આજે આપણે વિદ્યા અને ધર્મને કેદ કર્યા છે. તેથી વિદ્યા અવિદ્યા બની ગઈ, પ્રેમ કામવાસના બની ગયો અને ધર્મ ઢોંગ બની ગયો.**

●●●

**ઈશુ ખ્રિસ્તને કોઈકે પુછ્યું : ‘આવા ગંદા લોકોની વચ્ચે તમે કેમ રહો છો?’ ત્યારે ભગવાન ઈશુએ કહ્યું : ‘એવા લોકોને માટે હું પેદા થયો છું. પછી એમની વચ્ચે જ રહું ને?’**

**આ જ ભાષામાં ભગવાન બુદ્ધ બોલ્યા હતા ને એ જ ભાષા મહાત્મા ગાંધી બોલ્યા હતા. આના કરતાં સારી બીજી કઈ સદ્ભાવના હાઈ શકે?**

# પૈસા માટેના મોહમાં બધાં જ અનિષ્ટોનું મૂળ પડેલું છે : બાઇબલ

## અનિષ્ટોનું મૂળ : પૈસા

### અક્ષયપાત્ર

-બકુલ દવે

**It is good to have money and the things that money can buy. But it is good, too, to check up once in a while and make sure that haven’t lost the things that money can’s buy.**

(પૈસા અને પૈસાથી ખરીદી શકાય એવી ચીજોની માલિકી હોય તે સારું છે, પણ એક વાર એ પણ તપાસીને ખાતરી કરી લેવાનું સારું છે કે જે ચીજો પૈસાથી ખરીદી શકાતી નથી તે ગુલામી નથી ને.)

ધારો કે પૈસાનું અસ્તિત્વ જ ન હોય તો? આવું ધારવાનું પણ અઘરું છે. આ પ્રશ્ન અપ્રસ્તુત લાગે એટલી હદે આપણે પૈસામય થઇ ગયા છીએ. પણ એક સમયે પૈસા નામની ચીજ હતી જ નહીં, એ પણ સાચું છે. ત્યારે પણ જીવનનું ગાડું ગબડતું હતું. અલબત્ત, લેવડદેવડમાં મુશ્કેલીઓ અને અગવડ હતા, પણ તેને લઇને સુખ મેળવવાની ઇચ્છા તે સમયે ઘેલછામાં પરિણમી શકે તેવી શક્યતાઓ લગભગ ન હતી.



નાણાંનો આવિષ્કાર થયો ન હતો ત્યારે બાર્ટર સિસ્ટમ હતી. પરસ્પરની જરૂરિયાતને અનુલક્ષી લેવડદેવડનો વ્યવહાર નભી જતો હતો. ગાયની જરૂર હોય તે બકરીની જરૂરિયાત હોય તેને પોતાની બે બકરી આપી ગાય ખરીદી લેતો. થોડાં બોર આપી એક પપૈયું મળી જતું. એમાં ગેરસમજ અને અવિશ્વાસને સ્થાન ન હતું. વ્યવહારમાં કશું છૂપું ન રાખી શકાતું. છેતરવા - છેતરાવાની શક્યતા લગભગ રહેતી નહીં.

લેવડદેવડમાં સગવડ રહે તે માટે નાણું અસ્તિત્વમાં આવ્યું. વસ્તુની ખરીદી પૈસાથી થવા લાગી. માણસનું વ્યક્તિગત અને સામાજિક જીવન ધીમે ધીમે, પણ ચોક્કસપણે પૈસાથી પ્રભાવિત થવા લાગ્યું. જીવવાનો અભિગમ અને આદર્શો મૂલવવાનો દૃષ્ટિકોણ બદલાઇ ગયો. મૂલ્યોનો હ્રાસ થવા લાગ્યો. દૂષણો પોસાઇ શકે એવી આબોહવા બનવા લાગી. માણસનો જીવનનો નિર્ભેળ આનંદ સાથે ઉત્તરોત્તર નાતો તૂટવા લાગ્યો. એ પૈસાનો ગુલામ બની ગયો. બાઇબલમાં કહેવાયું છે : **‘The Love of Money is the root of all evil.’** પૈસા માટેના મોહમાં બધાં જ અનિષ્ટોનું મૂળ પડેલું છે.

અલબત્ત, પૈસા જરૂરી છે - એક સીમા સુધી. આ સીમા દરેક જણ માટે અલગ-અલગ હોઇ શકે. પોતાના જીવનમાં કેટલી હદ સુધી પૈસા જરૂરી છે તેનું વિવેકપૂર્વક આકલન કરી તે પ્રમાણે જીવનાર વ્યક્તિ સ્વસ્થ સમાજનો હિસ્સો છે. પણ આવા માણસો કેટલા ? ઘણુંખરું તો કોઇની પૈસાની ભૂખ ભાંગતી જ નથી. પૈસાને પાડવાની ઉસરડી, તેનો ઢગલો કરવાની ને એમાં જ આનંદ મેળવવાની વૃત્તિ હવે સામાન્ય બની ગઇ છે. પૈસાના એક જગ્યાએ ઢગલા થાય છે ને બીજી જગ્યાએ પાઇપાઇ માટે ટળવળતા લોકો છે. બહુ ઓછા માણસો જાણતા હોય છે કે પૈસાદાર ન હોઇએ તો પણ સરસ રીતે જીવી શકાય છે. એ લોકોને ખબર હોય છે કે કેટલીક ચીજો (પ્રેમ, નીતિ, આરોગ્ય વગેરે) પૈસાથી ખરીદી શકાતી નથી. ઊલટું, પૈસા કમાવાની હાયવોહમાં એ ચીજો ગુમાવી દેવી પડે એવું બની શકે. પણ આજે પૈસાએ સદ્ગુણનો છેદ ઉડાડી દીધો હોય એવી સ્થિતિ ઠેર-ઠેર જોવા મળી રહી છે. માણસે પોતાની જાતને પૂછવાનું છે છેવટે માણસને કેટલા પૈસા જોઇએ?